GJSK040003342026

## આંક–૧ લગત હુકમ

---

(૧) ફરીયાદી દેસાઇ કલ્યાણભાઇ ભીખાભાઇનાઓ ધ્વારા વટાઉખત અધિનિયમ,૧૮૮૧ કલમ–૧૩૮ અન્વયે હાલની ફરીયાદ આરોપી ઠાકરડા કૈલાસબેન વિજયજી,રહે.અરસામડા, પો.રહેડા, તા.વડાલી, જી.સાબરકાંઠાનાઓ વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદ તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં,આરોપી અત્રેની અદાલતની હકુમતની બહાર રહેતા હોય નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંતો મુજબ હાલની ફરીયાદના કામે આરોપી વિરુધ્ધ પ્રોસેસ ઇશ્યુ કરતાં અગાઉ ઇન્કવાયરી કરવી આવશ્યક રહેતી હોય, ફરીયાદ દાખલ થયા બાદ ફોજદારી ઇન્કવાયરીના કામે રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ફરીયાદ તથા અસલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આરોપીને નોટીસ કરેલ અને સદર નોટીસ આરોપીને બજીને પરત આવેલ હોવા છતાં આરોપી કે તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ નથી કે કોઇ રજુઆત પણ કરેલ નથી. જેથી બચાવપક્ષને સદર ઇન્કવાયરીને કેસ નંબર પાડવામાં વાંધો ન હોવાનું જણાઇ આવે છે.

(૩) ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ ફરીયાદ તથા ફરીયાદના સમર્થનમાં રજુ થયેલ અસલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનિય રીતે નેગો.ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ –૧૩૮ મુજબનો ગુન્હો બનતો હોવાનુ જણાઇ આવતુ હોય આરોપી વિરુધ્ધ પ્રોસેસ કાઢી શકાય તેવો પ્રથમ દર્શનિય કેસ જણાતો હોય, ન્યાયના હિતમાં નીચે મુજનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

(૧) ફરીયાદીની હાલની ક્રિમીનલ ઈન્કવાયરી નં.૨૮/૨૦૨૬ નુ કોગ્નીજન્સ લઈ આથી મંજુર કરવામાં આવે છે અને ઉપરોકત હુકમ મુજબ સદર ક્રિમીનલ ઈન્કવાયરી ફેંશલ કરવામાં આવે છે.

(૨) અત્રેની ક્રિમીનલ રજીસ્ટ્રીએ સદર ક્રિમીનલ ઈન્કવાયરી સાથે જોડાયેલ કેસને ક્રિમીનલ કેસ તરીકે રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૦૨જી, માહે:મે, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–ઈડર
તા.૦૨/૦૫/૨૦૨૬

**(વિપ્લવ એચ. તૈરૈયા)**
જયુડી.મેજીસ્ટ્રેટ ફ.કલાસ,
ઈડર
**JUDGE CODE NO.GJ01681**

//R.N.P.//